©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, OCTOBER 2, 2025 / ASVINA 10, 1947 [No. 40

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3361-3493
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	40
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	79
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1481-1511

પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ધી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે.

ક્રમાંક-ટ્રાફિક/કાપોદ્રા-મેટ્રો રેલ/જાહેરનામું/૫૮૫૨/૨૦૨૫.-સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલવે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. તે અંગે રણજીત બિલ્ડકોન લીમીટેડનાં પ્રોજેકટ મેનેજરશ્રી નાઓ દ્વારા કાપોદ્રા CNG ચીકુવાડી પાસે આવેલ કલાકુંજ મંદિરથી ઝડફિયા સર્કલની વચ્ચે આવેલ ખાડી ઉપર નવા બનેલ ઓવરબ્રીજની ઉપરથી મેટ્રો રેલની લાઈન નિકળતી હોય જેથી સદર જગ્યાએ મેટ્રો રેલ ઓવરબ્રીજના ગડર મુકવાની કામગીરી તથા અન્ય કામગીરી માટે મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જ્યાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફીયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી કરવા માટે સદર રૂટ પર તમામ પ્રકારના વાહન વ્યવહાર પર પ્રતિબંધ મુકવા માટે અગાઉ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે જાહેરનામાની મુદત પૂર્ણ થતા મુદતમાં વધારો કરવા અરજદારશ્રી તરફથી અરજી મળેલ છે જે ધ્યાને લઇ જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા

જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જ્યાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફીયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી કરવા માટે તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

વાસ્તે હું, વાબાંગ જામીર (IPS), I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રોરેલ પ્રોજેકટ અન્વયે મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જ્યાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફીયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી દરમ્યાન ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર સદર રૂટ પર જાહેરનામાં પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

:: વૈકલ્પિક રૂટ ::

(૧) મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી તરફ જતા તમામ વાહનો કલાકુંજ સોસાયટી ખાતે ઉતરી જમણી બાજુ વળી સીધા આગળ જઈ હરીકુંજ વિભાગ-૦૧ સોસાયટીથી ડાબી બાજુ વળી સીધા આગળ જઈ ક્રિષ્ના ગરબા & ડાન્સ સ્કુલ પાસે આવેલ ચાર રસ્તાથી જમણી બાજુ વળી સીધા આગળ જઈ સરીતા સાગર સોસાયટી થઈ જે તે વિસ્તારમાં જઈ શકશે.

(૨) સરીતા સાગર સોસાયટીથી નવા ઓવરબ્રીજ થઈ મોટા વરાછા તરફ જતા તમામ વાહનો સરીતા સાગર સોસાયટીથી સીધા આગળ જઈ મહર્ષિ કણાદ પ્રાથમિક શાળા નં-૯૮ ચાર રસ્તાથી જમણી બાજુ વળી સીધા આગળ જઈ ભગવતી કોમ્પેલેક્ષ પાસે આવેલ ચાર રસ્તાથી સીધા આગળ જઈ ઝડફીયા સર્કલથી જમણી બાજુ વળી ચીકુવાડી ખાડી પાસેથી ઓવરબ્રીજ જવા માટેના બ્રીજ ઉપર થઈ મોટા વરાછા તરફ જઈ શકશે.

(૩) ઝડફીયા સર્કલથી મોટા વરાછા તરફ જતો ચડતો ઓવરબ્રીજ ચાલુ રાખવામાં આવનાર છે.

(૪) મોટા વરાછાથી કલાકુંજ તરફ ઉતરતો બ્રીજ(રોડ) ચાલુ રાખવામાં આવનાર છે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંધન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અનામ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઈઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૬/૦૫/૨૦૨૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વાબાંગ જામીર,
I/C પોલીસ કમિશનર
સુરત

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૯/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૨૬/૫/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નાઓનો 'રોડ શૉ' નો કાર્યક્રમ અમદાવાદ એરપોર્ટથી ઈન્દીરાબ્રિજ સર્કલ સુધી યોજાનાર છે. જે રોડ શૉ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ અભિવાદન કાર્યક્રમ વિશાળ જનસંખ્યા દ્વારા કરવામાં આવનાર હોય જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૬/૫/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નાઓનો 'રોડ શૉ' નો કાર્યક્રમ અમદાવાદ એરપોર્ટથી ઈન્દીરાબ્રિજ સર્કલ સુધી યોજાનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
	અમદાવાદ એરપોર્ટ થી એરપોર્ટ સર્કલ થઇ ઇન્દીરાબ્રિજ સર્કલ થઈ મધર ડેરી થઈ એપોલો સર્કલ સુધીનો રોડ/માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	૧. ઇન્દીરાબ્રીજ થી ગાંધીનગર તરફ જતો ટ્રાફિક નોબલનગર ટી થી રૂબી ટી થઈ નાના ચિલોડા ચાર રસ્તા થઈ કરાઈ ચાર રસ્તા થી એપોલો સર્કલ સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. ૨. ઇન્દીરાબ્રીજ થી ડફનાળા તરફ આવતો ટ્રાફિક નોબલનગર ટી થી રાજાવિર સર્કલ થઇ નરોડા પાટીયા થઇ મેમ્કો ચાર રસ્તા થી રામેશ્વર ચાર રસ્તા થઈ એફ.એસ.એલ. ચાર રસ્તા થઇ ડફનાળા ચાર રસ્તા સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. ૩. એપોલો સર્કલ થી ઇન્દીરાબ્રીજ થઇ નરોડા તરફ આવતો ટ્રાફિક એપોલો સર્કલ થી કરાઈ ચાર રસ્તા થી નાના ચિલોડા રીંગ રોડ સર્કલ થી નરોડા સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. ૪. એપોલો સર્કલ થી શાહીબાગ તરફ આવતો ટ્રાફિક એપોલો સર્કલ થી તપોવન સર્કલ થઇ વિસત સર્કલ થઇ પ્રબોધરાવળ સર્કલ થઈ સુભાષબ્રિજ સર્કલ થઇ શાહીબાગ સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.
	ડફનાળા ચાર રસ્તા થી એરપોર્ટ સર્કલ થઇ ઇન્દીરાબ્રિજ સર્કલ થઈ ભદ્રેશ્વર વાય જંકશન સુધીનો રોડ/માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	૧. ડફનાળા ચાર રસ્તા થી ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ ગાંધીનગર તરફ જતો ટ્રાફિક ડફનાળા ચાર રસ્તા થઈ સુભાષબ્રિજ થઈ સુભાષબ્રીજ સર્કલ થઇ પ્રબોધરાવલ સર્કલ થઈ ચિમનભાઈ પટેલ બ્રિજ થઇ વિસત સર્કલ થઇ તપોવન સર્કલ થઇ ગાંધીનગર સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. ૨. ડફનાળા ચાર રસ્તા થી ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ ગાંધીનગર તરફ જતો ટ્રાફિક ડફનાળા ચાર રસ્તા થઇ ઘેવર સર્કલ થઇ એફ.એસ.એલ. ચાર રસ્તા થઈ રામેશ્વર ચાર રસ્તા થઈ મેમ્કો ચાર રસ્તા થઇ નરોડા પાટીયા થઇ ગેલેક્ષી ચાર રસ્તા સુતરના કારખાના ચાર રસ્તાથી સીધા નાના ચિલોડા સર્કલ તરફના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.

અપવાદ:

૧. સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

૨. અમદાવાદ એરપોર્ટ તરફ જતા મુસાફરો ફરજ પર હાજર પોલીસને પ્લેનની ટીકીટ તથા મુસાફરીની જરૂરી વિગતો બતાવી અમદાવાદ એરપોર્ટ તરફ પોલીસની સુચના મુજબ જઈ શકશે.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૬/૫/૨૦૨૫ ના સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૧.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીરા કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :-

અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.) વિભાગ ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય.-૨/ડ઼ઉવ-૨૭/૩૨૭/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/ નો ડ્રોન ફલાય એરિયા/૫૯/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નનર વિસ્તારમાં માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ઉડાવવા ઉપર કે તેના સંચાલન ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે દેશની આંતરિક સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન (DRONE), UAV, ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ઉડાવવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આરબી/૨૮૯૦/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/૨૪૭૧/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૬૦/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુમી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૨/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૬/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વિષય : ડ્રોન ઉડાવવા અંગેનું તા.૦૬/૦૫/૨૦૨૫ થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવા બાબત.

હવાલો : અત્રેની કચેરીના હુકમ ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન

જાવક પત્ર ક્રમાંક/એ/વિ.શા/પરમીટ/૫૭(૧)/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ડ્રોન (UAV) ઉડાવવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવા સારૂં અત્રેથી ''નો ડ્રોન ફલાય ઝોન'' અંગેનું જાહેરનામું તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ (તા.૧૦/૦૫/૨૦૨૫ના ક. ૦૦/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૫ ના ક. ૨૪/૦૦ સુધીનું) બહાર પાડેલ છે. જેથી આ અગાઉ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ડ્રોન ઉડાવવા અંગે ઉપરોકત હવાલાથી તા.૦૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી તા.૦૫/૦૭/૨૫ ના કલાક ૨૪/૦૦ સુધીનુ પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવામાં આવે છે જેની તમામે નોંધ લેવી.

આજ તારીખ.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૬૩/૨૦૨૫.-માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૧૬/૦૫/૨૦૨૫ થી તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૬/૦૫/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા :-

અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.) વિભાગ ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય.-૨/ડઉવ-૨૭/૩૨૭/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/ નો ડ્રોન ફલાય એરિયા/૬૫/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નનર વિસ્તારમાં માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ઉડાવવા ઉપર કે તેના સંચાલન ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૩/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે દેશની આંતરિક સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારને “નો ડ્રોન ફલાય ઝોન” જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન (DRONE), UAV, ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ઉડાવવાની મનાઇ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અમલવારીનો સમયગાળો :-

આ હુકમ તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે. આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વિષય : ડ્રોન ઉડાવવા અંગેનું તા.૧૮/૦૫/૨૦૨૫ થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવા બાબત.

હવાલો :અત્રેની કચેરીના હુકમ ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન/જાહેરનામું/૬૪ /૨૦૨૫ તા.૧૮/૦૫/૨૦૨૫

જાવક પત્ર ક્રમાંક/એ/વિ.શા/પરમીટ/૬૪(૧)/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ડ્રોન (UAV) ઉડાવવા ઉપર

સંપુર્ણ પ્રતિબંધ મુકવા સારૂં અત્રેથી ''નો ડ્રોન ફલાય ઝોન'' અંગેનું જાહેરનામું તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪/૦૦ સુધીનું) બહાર પાડેલ છે. જેથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ડ્રોન ઉડાવવા અંગે રેડ ઝોન યલો ઝોનનું ઉપરોકત હવાલાથી તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૭/૨૫ ના કલાક ૨૪/૦૦ સુધીનુ પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવામાં આવે છે જેની તમામે નોંધ લેવી.

આજ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ કો-ઓર્ડીનેટર(વહીવટ) અને નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/GPSC / પરીક્ષા/જાહેરનામું/વશી.૪૫૨/૨૦૨૫ તા.૨૩/૦૫/૨૦૨૫ આધારે.

(૨) સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક સીસીઈ-૨૭૮૩-૨૦૨૫-૨-ઈએકસ-૧ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૬૬/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા તા.૦૧/૦૬/૨૫ નારોજ મદદનીશ વન સંરક્ષક, વર્ગ -૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨(જાહેરાત ક્રમાક: ૧૩૫/૨૦૨૪-૨૫) માટેની પ્રિલિમિનરી પરીક્ષા અમદાવાદ શહેરના કુલ-૫૪ પેટા પરીક્ષા કેન્દ્રો ખાતે તા.૦૧/૦૬/૨૦૨૫ રોજ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૩/૦૦ દરમ્યાન પ્રશ્નપત્ર-૧ જનરલ સ્ટડીઝ-૧ તેમજ કલાક ૧૫/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૧/૦૬/૨૦૨૫ ના સવાર કલાક ૦૮/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૧૭૫૧/૨૦૨૫ તા.૨૨/૦૫/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૨૯૬૫/૨૦૨૫ તા.૨૩/૦૫/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૬૭/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુમી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુ**મત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ (શહેર)

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો :-

નં.ડીસીબી/એમએજી-૧/ફેરીયા જાહેરનામું/૨જી.નં.૪૩/વશી.૪૧૪૧ થી ૪૧૯૦/૨૦૨૫.-જિલ્લા મેજીસ્ટ્રેટ,, વલસાડની હકુમત હેઠળના વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૪ તથા લાગુ ફાઈનલ પ્લોટ નં.૧૦૩માં આવેલ મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટના નવા બિલ્ડીંગનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે. પરંતુ ઉકત બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓના કારણે કામગીરીમાં વિક્ષેપ ઉભો થઈ રહેલ છે. આ બાબતે ચીફ ઓફીસરશ્રી વલસાડ નગરપાલિકાએ તેઓના પત્ર જા.નં.૨૪/૨૦૨૫ તા.૦૪/૦૪/૨૦૨૫ના પત્રથી શાકભાજી માર્કેટના બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓને પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.દરખાસ્તને વંચાણે લેતાં ઉકત ફેરીયાઓના કારણે જાહેર જનતાની અવર-જવર પણ વધારે રહે છે જેના કારણે શાકભાજી માર્કેટના નવા બિલ્ડીંગના બાંધકામ દરમ્યાન કોઈ દુર્ઘટના સર્જાય તો મોટી જાનહાની સર્જાય તેવી શક્યતા નકારી શકાય નહિ, જેથી લોકોના જાન-માલની સુરક્ષા ધ્યાને લઈ ઉપરોકત હંગામી ધોરણે લારી-ગલ્લા તથા પાથરણા મારફત શાકભાજી કે અન્ય પરચુરણ ચીજવસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓને ઉકત બાંધકામ સાઈડની ચારેબાજુ આવેલ જાહેર રસ્તામાં પ્રવેશતા અટકાવી તેઓને અન્ય વૈકલ્પીક જગ્યાએ સ્થળાંતર કરાવવુ જરૂરી છે. વલસાડ નગરપાલિકાએ વૈક્લ્પિક જગ્યા તરીકે તરીયાવાડ ખાતે આવેલ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનની પાછળ આવેલ ખુલ્લા પ્લોટને સ્થળાંતર તરીકે નકકી કરી ત્યાં પાયાની સુવિધા ઉભી કરેલ છે, આ બાબતે નગરપાલિકા ધ્વારા જાહેર નોટીશ પ્રસિધ્ધ કરી તમામ ફેરિયા/વિક્રેતાઓને જાણ કરી સ્થળાંતર કરવાના પ્રયાસો કરવામાં આવેલ છે તેમ છતાં ફેરિયા/વિક્રેતાઓ કોઈ સહયોગ આપતા ન હોય જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. નગરપાલિકા ધ્વારા વિક્રેતાઓ માટે નકકી કરેલ તરીયાવાડ વાળી જગ્યાની સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી વલસાડ, પોલીસ ઈન્સપેકટરશ્રી વલસાડ સીટી, ચીફ ઓફીસરશ્રી વલસાડ નગરપાલિકા તથા મામલતદારશ્રી વલસાડ (શહેર)એ સ્થળે મુલાકાત કરેલ છે અને શાકભાજી વિક્રેતાઓને સદર જગ્યાએ સ્થળાંતર કરવા અભિપ્રાય આપેલ છે.

આમ, ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતાં શાકભાજી માર્કેટના નવા મકાનના બાંધકામ દરમ્યાન કોઈ વિક્ષેપ ન થાય અને બાંધકામ દરમ્યાન કોઈ દુર્ઘટના ન સર્જાય તેમજ લોકોના જાન-માલની સલામતી માટે શાકભાજી માર્કેટના બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકી તેઓને તરીયાવાડ ખાતે નકકી કરેલ જગ્યાએ સ્થળાંતર કરવા જરૂરી જણાય છે,

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વલસાડ નગરપાલિકા હદવિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટના બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે.

-:: પ્રતિબંધિત કૃત્ય ::-

વલસાડ નગરપાલિકા હદવિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટના નવા બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓએ પ્રવેશ કરવો નહિં કે કોઈ ચીજ વસ્તુઓનું વેચાણ કરવું નહી.

-:: વૈકલ્પિક વ્યવસ્થા ::-

વલસાડ નગરપાલિકા હદવિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટના વિસ્તારમાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા ધ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા તમામ ફેરીયાઓએ નગરપાલિકા ધ્વારા નક્કી કરેલ તરીયાવાડ ખાતે આવેલ ડ્રેનેજ પંપીગ સ્ટેશનની પાછળના ભાગે આવેલ ખુલ્લા પ્લોટમાં સ્થળાંતર કરવાનું રહેશે.

આ હુકમ તા.૧૭/૦૫/૨૦૨૫ થી તા.૧૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. અને વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરીયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/સ્થળ-જગ્યા ભાડે/રજી.૪૯/વશી. ૪૫૫૧ થી ૪૬૦૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારાષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના-મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક એકમ, ટ્રાન્સપોર્ટ, હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર-વ્યવસાય, ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધિગિક વિસ્તાર તથા રહેણાંક સોસાયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે-તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા, આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી. જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના આધાર પુરાવા આધારે વસવાટ કરતા હોય જે-તે વ્યકિતની ઓળખ

કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં જિલ્લા/રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી, દુકાન, ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત દરખાસ્ત ધ્યાને લેતા લોકોના જાન-માલની સુરક્ષા તથા ગુન્હાહિત પ્રવૃતિને અંકુશમાં રાખવા માટે ભાડેથી મકાન, ધંધાના એકમો, દુકાન, ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦માં આપવાની રહેશે.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં. હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦ માં આપવાની રહેશે.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના, તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વાસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા, આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની, દુકાન, ફેકટરી, ગોડાઉન, ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું, નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો.સ્ટેમાં જાણ કરવી.

૭. ઉપરોક્ત વિગતો નિયત સમયમાં પોલીસ સ્ટેશનએ જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે અને તપાસણી માટે અધિકૃત કરેલ અધિકારી માગે ત્યારે તે પહોંચ રજુ કરવાની રહેશે.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યેથી તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૨૧/૦૭/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી.૫૦/વશી. ૪૬૦૮ થી ૪૬૬૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી. ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિંગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિંગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઇડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સ પોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના, મેડીકલ સ્ટોર.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઔધોગીક એકમો.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડ પાર્કિંગ સ્થળો.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૨૧/૦૭/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/ધાર્મિક તહેવાર-પ્રતિમા/૨જી, ૫૧/વશી. ૪૬૬૭ થી ૪૭૨૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં દર વર્ષે વિવિધ ધાર્મિક તહેવારો ખુબ જ ઉત્સાહ પુર્વક અને ધામધૂમથી મનાવવામાં આવે છે. ઉકત તહેવારો દરમ્યાન જિલ્લામાં વિવિધ દેવી-દેવતાઓની પ્રતિમાઓની સ્થાપના થતી હોય છે તેમજ પ્રતિમાઓનું વિસર્જન અર્થે સરઘસ/ઝુલુસ નિકળતું હોય છે. સરઘસ/ઝુલુસ દરમ્યાન ઊંચા કદની પ્રતિમાઓના કારણે વીજતારના સંપર્કમાં આવવાથી શોર્ટસર્કીટ થવાના કારણે જાન-માલનું નુકશાન થવાના બનાવો રાજ્યમાં અવાર-નવાર બનતા હોય છે તેમજ શ્રધ્ધાળુઓ દ્વારા સદરહું પ્રતિમાઓનું વિસર્જન નદી, તળાવ તથા દરિયા કિનારે કરવામાં આવે છે. જેનાથી વિવિધ પ્રદુષણ પણ ફેલાય છે.

પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક તહેવારો દરમ્યાન દેવી/દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં તથા મૂર્તિઓના વિસર્જન સમયે નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા તથા પ્રવર્તમાન માર્ગદર્શિકાનો અમલ કરાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું કે,

(૧) પી.ઓ.પી.ની મૂર્તિઓ વિસર્જન સમયે પુજન વિધી કરી નદીઓ / તળાવ / દરિયાના કિનારે રાખવી નહી કે નદી તળાવ દરિયામાં પધરાવવી નહી, તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવી નહી.

(૨) મુર્તિઓની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

(૩) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડિત મુર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જવું નહિ. તે અંગે જિલ્લાના આયોજક મંડળોએ અમલ કરાવવો તથા પોલીસ ખાતાએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૪) કોઈપણ મૂર્તિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો-કલાકારોએ દેવી-દેવતાઓની પ્રતિમા / મૂર્તિ નવ ફૂટથી વધારે(બેઠક સહિત) ઊંચાઈની બનાવવવી નહી કે વેચવી નહીં.

(૫) કોઈ પણ ધાર્મિક ઉત્સવો દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનાર દેવી-દેવતાઓની મૂર્તિઓની ઉચાઈ (બેઠક સહિત) ૯ (નવ) ફુટથી વધુ ન હોય તે રીતે આયોજન કરવાનું રહેશે તથા વિસર્જન દરમ્યાન સરકારશ્રીની પ્રર્વતમાન નિયમોનુસારની કાર્યવાહી અનુસરવાની રહેશે.

(૬) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના સીન્થેટીક, રસાયણ કે કેમીકલ,ડાય યુક્ત રંગોનો ઉપયોગ કરવો નહી.

(૭) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે.તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુ બાજુમાં ગંદકી કરવી નહી. તે અંગે નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક સંસ્થાએ તકેદારી રાખવી.

(૮) વલસાડ બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો / વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

(૯) વિસર્જન સરઘસ દરમ્યાન પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવી નહી

(૧૦) નામ. સુપ્રિમ કોર્ટ અને પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડની વિસર્જનની ગાઇડ લાઇન મુજબ વિસર્જન કરવા અંગે તકેદારી રાખવી.

(૧૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ.સુપ્રિમ કોર્ટ/નામ. હાઇકોર્ટ તથા અન્ય ટ્રીબ્યુનલની વખતોવખતની સુચના અને માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સબંધિતોને બંધનકર્તા રહેશે.

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૩/૦૫/૨૦૨૫ થી તા.૨૩/૦૭/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/૨જી.નં.૩૪/વશી. ૩૩૬૯ થી ૩૪૨૧/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./પરીક્ષા બોર્ડ/૨૦૨૪-૨૫/ ૯૫૬૪/ ૯૫૬૫, તા.૧૧/૦૪/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૨૦/૦૪/૨૦૨૫ (રવિવાર) ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર.-૨૪૦/૨૦૨૪-૨૫) ની પ્રિલિમનરી પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર.-૨૪૦/૨૦૨૪-૨૫) ની પ્રિલિમનરી પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

1	BAI AVA BAI HIGH SCHOOL UNIT-1, VALSAD
2	BAI AVA BAI HIGH SCHOOL UNIT-2, VALSAD
3	ST. JOSEPH E T HIGH SCHOOL, NEAR DSP OFFICE, DHARAMPUR ROAD, VALSAD
4	KUSUM VIDHYALAY, TITHAL ROAD, VALSAD
5	JAMNABAI SARVAJANIK KANYA VIDHYALAYA, OPP. KASTURBA HOSPITAL , VALSAD
6	MANIBA SARVAJANIK HIGH SCHOOL NEAR KASTURBA HOSPITAL ,VALSAD
7	R M & V M DESAI VIDHYADHAM UNIT-1
8	R M & V M DESAI VIDHYADHAM UNIT-1

વાસ્તે, હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા.૨૦/૦૪/૨૦૨૫(રવિવાર) ના રોજ સવારે ૦૯/૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઇરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઇલેકટ્રોનીક આઇટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૩) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઇલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં તા.૨૦/૦૪/૨૦૨૫(રવિવાર) ના રોજ સવારે ૦૯/૦૦ થી સાંજે ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

નં.ડીસીબી/એમએજી/ડાઈવર્ઝન જાહેરનામું/રજી.નં.૫૩/વશી. ૪૮૫૬ થી ૪૯૦૮ /૨૦૨૫.- જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડના પત્ર જા.નં.એચસી/વશી/૧૩૮૨/૨૦૨૪, તા.૨૨/૦૨/૨૦૨૪ થી વલસાડ તાલુકા પંચાયત કચેરીનું મકાન તોડી તેજ જગ્યાએ તાલુકા પંચાયત કચેરીનું નવું મકાન બનાવવાના કામે વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તાને વાહન વ્યવહાર માટે બંધ કરી ડાર્યવઝન અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત અનૂવયે પોલીસ વિભાગ તથા ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા વલસાડ તથા મામલતદારશ્રી વલસાડ (શહેર)નો સદર જાહેરનામુ બહાર પાડવા સંયુક્ત અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી મળેલ હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ અત્રેથી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડેલ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડના પત્ર નં.dpvalsd/0217/05/2025, તા.૨૨/૦૫/૨૦૨૫ થી જાહેરનામાની મુદત લંબાવવા દરખાસ્ત કરેલ છે. સદર રસ્તા પરથી તમામ પ્રકારના વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એ.કે.કલસરીયા, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અનૂવયે મળેલ સત્તાની રૂએ, તા.૦૧/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાને લઈ નીચે મુજબનું ડાયવર્ઝન આપી વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તા પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસારનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તા પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

(૧) વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન થી તાલુકા પંચાયત કચેરી થઈ ડોક્ટર હાઉસ તરફથી જઈ શકાશે.

(૨) વલસાડ સીટી પોલીસ સ્ટેશનથી વલસાડ ધરમપુર રોડ થઈ કલ્યાણ બાગ તરફ થઈ જઈ શકાશે.

નોંધ :-

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) વિભાગ વલસાડએ પ્રતિબંધિત માર્ગ તરફ જતા તમામ રસ્તાઓના બન્ને છેડે વાહનો પ્રવેશી ન શકે તે માટે જરૂરી આડશો (બેરીકેટીંગ) કરી બન્ને છેડે વાહનો માટે પ્રતિબંધના બોર્ડ લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે તથા સ્થાનિક પોલીસ સ્ટેશનેથી જરૂરી ટ્રાફીક નિયમન કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હુકમ તારીખથી જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એ. કે. કલસરીયા,
ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/ હથિયાર /એસ.આર-૫૬/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ - ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઈ ચીજો લઇ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શાત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાળા અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વયક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષદથીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૫/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦,૦૦ થી તા.૧૯/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૫૭/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૫/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦,૦૦ થી તા.૧૯/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪,૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસૂતાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્રા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૫/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૯/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૭૮/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસૂતાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્રા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર-૭૯/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ - ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શાત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાળા અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વયક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષદથીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૯/૦૪/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૨૯૫૩/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન એસ. સાર ૭૭/૨૦૨૫.-આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૯/૦૪/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાઓ હેલીકોપ્ટર મારફતે તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ સવારના 'કલાક ૦૯:૦૦ વાગ્યે વિઠ્ઠલાપુર પોલીસ સ્ટેશનની હદમાં ઉધરોજ ગામ ખાતે ઠાકોર સમાજના સમૂહ લગ્ન પ્રસંગે કાર્યક્રમમાં પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી ગાંધીનગર પરત જનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૭:૦૦ થી કલાક ૧૪:૦૦ સુધી વિઠ્ઠલાપુર પો.સ્ટેની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ. કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ-એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

બાવળા તેમજ ચાંગોદર પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમૂવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા.૨૦/૦૪/૨૦૨૫ ના સવારના ૦૭:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી અમલમાંરહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવત. વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરમાથી પોલીસ રાબ ઈન્ટપેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૪/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર-૮૨/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ - ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શાત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાળા અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વયક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષદથીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૮૩/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૫/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસૂતાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્રા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૫/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૫ના કલાક ૨૪.૦૦સુધી (બંનને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રાજ્યના તા.૦૩/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૩૫૧૬/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ. આર. ૮૪/૨૦૨૫.-આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૩/૦૫/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ ૨૦૬ તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ કલાક સવારે ૦૬:૦૦ થી કલાક ૧૪:૦૦ સુધી UPSC પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિધ્યાર્થીઓના સન્માન સમારોહ કાર્યક્રમમાં સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ ખાતે પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૫:૦૦ થી કલાક ૧૫:૦૦ સુધી બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ. કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ-એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા.૦૪/૦૫/૨૦૨૫ ના સવારના ૦૫:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./ પ્રાથમિક માધ્યમિક, શિક્ષણ શિષ્યવૃત્તિ ૨૦૨૪-૨૫ પરીક્ષી સદાબા: / ૩૧૮૨/૨૦૨૫ તા. ૨૫/૦૪/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયેનો

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૮૦/ ૨૦૨૫.-આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરથી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૫/૦૪/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા પ્રાથમિક- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૨૪-૨૫ આગામી તા.૨૬/૦૪/૨૦૨૫ (શનિવાર) ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરના ૧૪:૦૦ કલાક દરમિયાન અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારના જુદા-જુદા કેન્દ્રો ખાતે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃતિ પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર (

(૨) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૩) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૪) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૫) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૬) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા / કરાવવા ઉપર

(૭) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૮) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/ કરાવવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૧૦) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૧) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૨) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ સવારના સવારે ૦૯:૦૦ થી બપોરના ૧૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત, ૨૮૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૯/૦૪/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન /૩૩૭૦/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૮૦/૨૦૨૫.-આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૯/૦૪/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ સાણંદ જી.આઈ. ડી.સી. પોલીસ સ્ટેશનની હદમાં આવેલ TRUETZCHLER INIDA PVT. LTD., PLOT NO. SM-45, SANAND GIDC-2, INDUSTRIAL ESTATE, SANAND, DIST. AHMEDABAD ખાતે કાર્યક્રમમાં પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૧૩:૦૦ થી કલાક ૨૧:૦૦ સુધી સાણંદ જી.આઈ. ડી.સી. પો.સ્ટેની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ. કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ-એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

સાણંદ જી.આઈ.ડી.સી. પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા.૩૦/૦૪/૨૦૨૫ ના સવારના ૧૩:૦૦ કલાક થી ૨૧:૦૦ કલાક સુધી અમલમાંરહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર કયકિતર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૨૯/૦૪/૨૦૨૫ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

બી.આર. સાગર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
અમદાવાદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૦૫/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતનાં ચૂંટણીપંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૩/૯/(ઈ.એસ)૦૦૮/૯૪/ જે.એસ.૨/૫૧૫૨, તા.૦૨/૦૯/૧૯૯૪ થી આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતા ચોપાનીયાં, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશનો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવુ આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોનાં ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામુ છપાવવાની ખાસ આવશ્યકતા હોય નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહિ અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહિ.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે-તે પ્રેસનાં માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ મુદ્રકનું નામ-સરનામુ તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનાર તેની ૪ (ચાર) નકલ સબંધિત ચૂંટણી અધિકારીને મોકલી આપવાની રહેશે.

આ હુકમનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૦૯/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ગુજરાત રાજય ચૂંટણીપંચ, ગાંધીનગરના તા.૦૬/૦૧/૨૦૨૦ ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.આર.સી- સ્થા.સ્વ-૧૩૮(૨) -૧૨૨૦૦૯-ક થી હથિયાર ધારણ કરવા અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ હથિયારો અંગે પ્રતિબંધ મુકવા આદેશ ક્રમાંક:૪૬૪ કાયદો અને વ્યવસ્થા/ ઈએસઓ/ ૨૧/૯૪, તા.૨૧/૦૯/૧૯૯૪ થી જરૂરી આદેશ બહાર પાડેલ છે.

સબબ, મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા-ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહિ. ભરૂચ જિલ્લામાં બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યકિતઓ કે જેઓ હાલમાં ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં વસવાટ કરતા હોય તે તમામે આ જાહેરનામુ બહાર પાડયાની તારીખ થી દિન-૭ માં પોતાનું હથિયાર પોતાના રહેણાકનાં નજીકનાં પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા હથિયાર ધારણ કરી ફરવું નહિ.

વધુમાં, જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે પરમીટો આપવામાં આવેલ હશે, તો તે પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે તથા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

(૨) રાષ્ટ્રીયકૃત બેંકો કે જેઓનાં બેંકની કેશ-કરન્સી હેરફેર માટે તેની ફરજના ભાગરૂપે બેંકના પરવાના વાળું હથિયાર રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેઓને હથિયાર જમા કરાવવાનું રહેશે નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું તે કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) ફરજ પરના તમામ સુરક્ષા કર્મચારીઓ (આર્મી, સી.આર.પી.એફ, સી.પી.એફ, બી.એસ.એફ વિગેરે)

(૪) ચૂંટણીપંચે નિમેલા નિરિક્ષકો.

(૫) નીચે દર્શાવ્યા મુજબનાં વ્યક્તિઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળનાં પરવાનેદારોનાં સંદર્ભમાં વ્યકિતગત સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ભરૂચને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ.

(બ) ફોજદારી ગુનાઓ કર્યાની ભૂમિકા વાળી વ્યક્તિઓ.

(ક) હુલ્લડનાં ગુનામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલ વ્યકિતઓ.

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ.

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેવા ઈસમ.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચૂંટણીનો સમયબદ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય ઉપર પારામાં જણાવેલ હુકમ હું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરૂ છું .

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૦/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણી પંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૩/૮/૯૪/જે.એસ.૨, તારીખ-૧૩/૦૧/૧૯૯૪ નાં પારાનં.૩૩ અને ૩૫ માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે તથા આ કામે નામ.સુપ્રિમકોર્ટ તરફથી પણ લાઉડ સ્પીકર વિગેરેનાં ઉપયોગથી થતાં અવાજ પ્રદૂષણ અંગે આદેશો બહાર પાડેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીયપક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરે છે જેના કારણે ખૂબ ધ્વનિ પ્રદૂષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે છે કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકર વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. જેના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને બીમાર વ્યકિતઓને પણ ઉંચા અવાજથી ખૂબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબજ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચને મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(આર)(૩)થી અમોને મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રચારનાં કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કરી શકાશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસનાં હેતુસર ઉપરોકત તમામ વિસ્તારમાં સવારે ૦૮:૦૦ વાગ્યા પછી કે ૨૨:૦૦ કલાક પહેલા સ્થળ પર રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયતમાત્રા મુજબ જ કરવાનો હોય તો તેને સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી લેખિતમાં પરવાનગી મેળવવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ જાતે ખાત્રી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સિનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરનાં ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે. આવી પરવાનગી માટે ૪૮ કલાક પહેલા અરજી કરવાની રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર લાઉડ સ્પીકરનાં ઉપયોગ માટે સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે.

(૪) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રી અને સ્થાનિક પોલીસ અધિકારીશ્રીને કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનોમાં લાઉડ-સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ-સ્પીકર અને તમામ ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૬) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૧/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ચૂંટણીપ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકીય પક્ષનાં ઉમેદવાર-કાર્યકરો તરફથી ચૂંટણી પ્રચાર કરવામાં આવતો હોય છે. તે દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતાં વાહનોનાં ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ રાજકીય/બિનરાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર કરાયેલ વાહન માટે અરજી કરી પરમીટ મેળવી લેવાની રહેશે અને અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન પર ચોટાંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહીં. ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈ પણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપાયોગ કરી શકાશે નહીં.આ નિયંત્રણ યાંત્રિક શકિતથી કે અન્ય રીતે ચાલતાં તમામ વાહનોને લાગુ પડશે.

(૨) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે તથા આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની કાર્યવાહી કરવા ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં આચાર સંહિતા નોડલ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ભારતના ચૂંટણીપંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહિતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું જાહેરનામું

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૨/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતાં ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું, આચાર સંહિતામાં સરકારી આરામ ગૃહો તથા વિશ્રામ ગૃહોનો ચૂંટણીનાં કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) આથી ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારનાં તમામ સરકારી/અર્ધ સરકારી આરામગૃહો, વિશ્રામ ગૃહો, ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનું રાજકીય પક્ષોનાં હોદેદારો, કાર્યકરો,ચૂંટણી લડતાં ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારનાં હેતુસર ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.રાજકીય પક્ષોનાં સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહીં.

(૨) ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લઈ જતાં વાહનોને જ સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેનાં કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો તેઓ બે (૨) થી વધુ વાહનોને સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેનાં કમ્પાઉન્ડમાં રાખી શકશે નહીં.

(૩) કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઈપણ મહાનુભાવોને મતદાન પુરુ થવાના ૪૮ કલાક પહેલાં સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં. અતિથિ ગૃહમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નકકી કરેલ સામાન્ય દરોએ પૂરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ જાહેરનામાનો આ અમલ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે તથા આ હુકમની અમલવારી કરવા ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારનાં ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

અખબારયાદી

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૩/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. સબબ, ભરૂચ જિલ્લાનાં તમામ ખાનગી મુદ્રણાલયોનાં માલિકો/સંચાલકોને ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જણાવવામાં આવે છે કે, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની જોગવાઈઓ અનુસાર ચૂંટણી અંગેના સાહિત્ય ચોપાનીયા, કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકનાં નામ- સરનામાં સ્પષ્ટપણે અવશ્ય છાપવાના રહેશે તેમજ સદરહું ચૂંટણીપંચનાં હુકમની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે (૨) નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જણાવ્યાની વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રક કરેલ (છાપેલ દસ્તાવેજોની) ચાર (૪) નકલો સાથે નીચે સહી કરીને દિન-૨ માં મળી જાય તે રીતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ભરૂચને રજુ કરવાની રહેશે.

ચૂંટણીપંચનાં હુકમની જોગવાઈઓ અને ચૂંટણીપંચની આ અંગેની સુચનાઓનાં કોઈપણ ઉલ્લંઘનને ખૂબજ ગંભીરતાથી જોવામાં આવશે અને આવા કેસોમાં પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવા જેવાં કડક પગલાં લેવામાં આવશે. જેની તમામ સબંધિતો નોંધ લેશો.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૪/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાક: ૪૬૪/ એલ.અને.ઓ/ઈએસ/૦૨૧/૯૪, તારીખ-૨૧/૦૯/૧૯૯૪ નાં પેરા-૪.૧માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી (૧૦) દશ થી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર અને અન્ય વાહનોની અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ દરમ્યાન ઉપરોકત જણાવેલ બેઠકોમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીયપક્ષોનાં ઉમેદવારો તથા લોકોનાં વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વ પ્રકારનાં વાહનો ગાડીઓ, સવાર થઈને જનાર, ગાડીમાં જનારા, સાયકલ ઉપર જનારા અથવા ચાલતાં જનારાઓને અગવડ ઉભી થવાની સંભાવના રહેલ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) થી અમોને મળેલ સત્તાની રૂ એ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમા સમાવિષ્ટ જાહેર રસ્તાઓ પર (૧૦) દશથી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર કે અન્ય વાહનો ઉપર અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

આ હુકમ નીચેના વાહનો ધારકોને લાગુ પડશે નહિ.

(૧) મેજીસ્ટ્રેટ અને પોલીસનાં વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીનાં કામે સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચુંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૫/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ને લક્ષમાં લઈ ભરૂચ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તે માટે ભરૂચ જિલ્લામાં કોઈપણ પ્રકારના કાયદાનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓનાં અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરિયાત જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં આ હુકમની તારીખ થી તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં કલાક ૨૪:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો:-

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા કરવાની અને તેના ચિન્હો-નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

-: વિસ્તાર :-

ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો મારફત કરાવવી.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૬/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૪૬૪/ તાત્કાલીક/ ૨૦૦૭/પીએલએન/૧, તારીખ-૦૭/૦૧/૨૦૦૭ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતા નો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારનાં ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકવા જરુરી છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લાનાં સમગ્ર વિસ્તારોમાં આવેલ કોઈપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીનાં કોઈ પણ પ્રકારનાં હેતુ માટે આ હુકમની તારીખ થી તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં સમયગાળા સુધી ઉપયોગ કરી શકાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર/ ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૭/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાક:૩/૧૦/ઈએસ/૦૭૭/ ૯૪/ જે.એચ.-૨/૫૨૧૬ તા:૦૨/૦૯/૧૯૯૪ તેમજ ગુજરાત રાજયનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી/૧૦૯૮/૭૬(૨)/છ. તારીખ-૨૮/૦૧/૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોનાં ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચારરસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકીનાં મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવા તથા પ્રદર્શિત કરવામાં આવશે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાનાં મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા બેનર્સ, ભીંતસુત્રો, ધજા, પતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મૂકે છે. જેને

લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવાની સંભાવના રહેલ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવાની સંભાવના રહેલ છે જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની પ્રક્રિયા દરમ્યાન ઉપરોકત જણાવેલ બેઠકોમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકવા માટે નીચે મુજબ હુકમ કરૂ છું.

(અ) રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો, પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગ-મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીયપક્ષો દ્વારા, ઉમેદવાર અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન, અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારનાં કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા પટાકા, બેનર્સ મુકી શકાશે નહિં કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહિ કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, ખાનગી માલિકીની જગ્યામાં મુકવા માંગતા હોય તો ચૂંટણીના ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) ખાનગી મિલ્કતોમા હોર્ડિંગ્સ, કટ આઉટ વિગેરે મુકવા માટે ગુજરાત પંચાયત અધિનીયમ-૧૯૬૧ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

(૨) કટઆઉટની ઉચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીયપક્ષો/ઉમેદવારો ખાનગી જગ્યામાં કટઆઉટ જાહેરાત, પાટીયા બેનર્સ મુકવા હશે તે જગ્યાના માલિકીની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈશે. આ મંજુરી કોઈપણ અધિકારીશ્રી /પોલીસ જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા બેનર્સ વિગેરે કોઈક સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફૂટ×૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

આ હુકમનો કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ ચુંટણીની પ્રક્રિયા પૂર્ણ થતા સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૮/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભરૂચ જિલ્લામાં તા.૦૨/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરવા/ પરત ખેંચવાનો કાર્યક્રમ નકકી થયેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી બહાર પાડવામાં આવેલ સૂચના મુજબ ઉમેદવારી પત્રો ભરવા/પરત ખેંચવાનાં સમયે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ઉમેદવારી પત્ર રજુ કરવા/પરત ખેંચવા આવતાં ઉમેદવાર સાથે વધુમાં વધુ ૨ (બે) વ્યકિતઓ તથા વધુમાં વધુ ૨ (બે) વાહનોને પ્રવેશ કરવા સૂચના આપવામાં આવેલ છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂ એ આથી ફરમાવું છું કે,

૧) તા.૦૨/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ઉમેદવારી પત્ર રજુ કરવા/પરત ખેંચવા આવતાં ઉમેદવાર સાથે વધુમાં વધુ ૨ (બે) વ્યકિતઓ તથા વધુમાં વધુ ૨ (બે) વાહનો પ્રવેશ કરી શકશે.

૨) ઉમેદવારી પત્રો રજુ કરવા/પરત ખેંચવા માટે ફકત ઉમેદવાર/દરખાસ્ત કરનાર/ચૂંટણી એજન્ટ અને તેની સાથેનાં અન્ય બે વ્યકિતને ચૂંટણી અધિકારીશ્રીનાં રૂમમાં પ્રવેશ માટે મંજુરી આપવામાં આવશે. અન્ય ઉમેદવારો અને તેમની સાથે આવતાં લોકો માટે પ્રતિક્ષા સમય દરમ્યાન રૂમની બહાર બેસવાની વ્યવસ્થા એવી રીતે કરવાની રહેશે.

વધુમાં હું આદેશ કરું છુ કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી / કર્મચારી તથા હોમગાર્ડને.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

વિષય :-ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી - ૨૦૨૫ ચૂંટણી અંગે જાહેર સભાઓની પરવાનગી આપવા બાબત.

ક્રમાંક: એમએજી-વશી-૨૭૧૯.-જય ભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જેથી ચૂંટણી દરમ્યાન દરેક પક્ષા તથા ઉમેદવારો કે અન્ય સંસ્થા જાહેરસભા યોજવા માટેની પરવાનગીની માંગણી કરતા હોય છે. આવા પ્રકારની અરજીઓનાં નિકાલ માટે સબંધિત વિસ્તારોમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નાં સંદર્ભે જાહેર સભાઓ તથા સરઘસો કાઢવા માટેની જરૂરી પરવાનગી આપવા સબંધિત મામલતદારશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. સબંધિત પોલીસ અધિકારીશ્રીના અભિપ્રાય મેળવીને યોગ્યતે નિર્ણય લેવા જણાવવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ ખાતા સાથે પરામર્શમાં રહી પૂરતી તકેદારી રાખવી તેમજ પરવાનગીની નકલ તુરત સંબંધિત નોડલ અધિકારીશ્રીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને પહોંચાડવાની રહેશે.

વિષય :-ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી - ૨૦૨૫ ચૂંટણી અંગે જાહેર સભાઓની પરવાનગી આપવા બાબત.

ક્રમાંક: એમએજી-વશી-૨૭૨૦.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જે અંગે રાજકીય પક્ષો તથા ઉમેદવારો તરફથી પ્રચારની કામગીરી શરૂ કરવામાં આવશે આ માટે ઉમેદવાર / ઉમેદવારનાં ચુંટણી એજન્ટ/ રાજકીય પક્ષાના હોદેદારો કે કોઈપણ વ્યકિત તરફથી સભા ભરવા કે સરઘસ કાઢવા અંગેની માંગણીઓ આપની પાસે અને તમોને મળેલ અધિકારની રૂએ પરવાનગી આપવા માટે રજુ થશે. જે અન્વયે નીચે મુજબની સુચનાઓની અમલવારી કરવાની રહેશે.

૧) અરજી રજુ થયે કે તુરત જ જરૂરી અભિપ્રાય માટે સબંધિત પોલીસ અધિકારી પાસે મોકલવાની રહેશે. પોલીસ ખાતાએ ચકાસણી અને અહેવાલ સાથે તે તુરત જ પરત કરવાની રહેશે. સામાન્ય રીતે પરવાનગી સક્ષમ અધિકારીશ્રીએ તે દિવસે આપવાની રહેશે.

૨) દરેક કચેરીમાં સભા-સરઘસની અરજીઓ અંગે એક રજીસ્ટર નિભાવવાનું રહેશે અને અરજી રજુ થયેથી તુર્તજ આ રજીસ્ટરમાં નોંધી આગળની કાર્યવાહી કરવી. જેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. વધુમાં, સભા સરઘસ અંગે વિડીયોગ્રાફી કરવામાં આવેલ હોય તો તે અંગેની વિગત પણ રજીસ્ટરમાં નોંધી લેવી.

૩) ચુંટણી અધિકારીશ્રીએ તથા નોડલ અધિકારીશ્રીએ તાલુકાની મુલાકાત લેતી વખતે ઉકત રજીસ્ટર અવશ્યપણે જોવું તથા તે બદલ સહી કરવી.

ઉપરોક્ત સુચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

અ.નં	અરજદાર (વ્યકિત અને પક્ષ)	સભા-સરઘસની વિગત (તારીખ, સમય,જગ્યા અને રૂટ વિગેરે)	અરજી મળેલ તારીખ અને સમય	પોલીસને રવાના કરેલ તારીખ/ સમય	પરવાનગી આપેલ તારીખ/ સમય	પોલીસ અભિપ્રાય મળેલ તારીખ/ સમય	નોંધ

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

વિષય:- ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી - ૨૦૨૫ ચૂંટણી બાબતે કેબલ ઓપરેટર્સ / ન્યુઝ ચેનલ સંચાલકશ્રીઓ માટેની આચારસંહિતા અંગે.

ક્રમાંક: એમએજી-વશી-૨૭૨૧.-ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજય ચૂંટણી આયોગ તરફથી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ- ૨૦૨૫ જાહેર થયેલ છે અને તેની સાથોસાથ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયેલ છે. જેથી ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં આવતા તમામ કેબલ ઓપરેટર્સ તથા ન્યુઝ ચેનલ સંચાલકશ્રીઓનું ભારતના ચૂંટણી પંચના તા.૧૫/૦૪/૨૦૦૪ ના પત્ર નં. ૫૦૯/૭૫ /૨૦૦૪ /જેએસ-૧ માં આપેલ સૂચના તરફ ધ્યાન દોરી જણાવવાનું કે, કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એકટ-૧૯૯૫ ની કલમ-૬ અને તેના હેઠળનાં નિયમોનાં નિયમ-૭ ની જોગવાઈ વિરુદ્વમાં કોઈ પણ વ્યકિત કોઈપણ જાહેરાત કેબલ સેવા મારફતે પ્રસારીત કે ફેરપ્રસારીત કરી કે કરાવી શકે નહીં. ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારના મતદાર વિભાગ માટે કોઈપણ વ્યકિત ઉમેદવાર અથવા રાજકીય પક્ષાનો કેબલ ટીવી અથવા ન્યુઝ ચેનલ મારફતે ચુંટણી પ્રચાર અંગે જાહેરાત આપવા માંગતા હોય તો,

(૧) આવી અરજી નિયત નમૂનામાં, નિયત બિડાણો સહિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા તેના દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રી સમક્ષા કરવાની રહેશે.

(૨) માન્ય રાજકીય પક્ષો અથવા હરીફ ઉમેદવારોના કિસ્સામાં આવી અરજી જાહેરાતનાં પ્રસારણનાં દિવસ પહેલાના ચોખ્ખા ત્રણ દિવસ પહેલાં કરવાની રહેશે.

(૩) માન્ય રાજકીય પક્ષો સિવાય અથવા હરીફ ઉમેદવારોનાં કિસ્સામાં આવી અરજી જાહેરાતનાં પ્રસારણનાં દિવસ પહેલાનાં ચોખ્ખા સાત દિવસ પહેલા કરવાની રહેશે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીની લેખિત પરવાનગી મેળવ્યા પછી જ આવી જાહેરાતનું પ્રસારણ અથવા ફેરપ્રસારણ કરી શકાશે.

ઉપરોકત સૂચનાઓનો તેમજ કાયદાકીય જોગવાઈઓનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે અને જો ઉકત જોગવાઈઓનો ભંગ કરવામાં આવશે તો કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એકટ-૧૯૯૫ ની કલમ-૧૧, ૧૨ અને ૧૩ હેઠળ પ્રસારણ સાધનો જપ્ત કરવામાં આવશે અને સદરહુ કાયદાની કલમ-૧૬, ૧૭ હેઠળ ૨(બે) વર્ષની સજા તેમજ રૂા.૧૦૦૦/- નો દંડ અથવા બંને સજાને પાત્ર બનશે. તેમજ અન્ય કાયદાઓ હેઠળ પણ શિક્ષાને પાત્ર થશે. જેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. આ સાથે અરજીનાં નિયત નમૂનાની નકલ સામેલ છે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

અખબારયાદી

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૨૨/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ તરફથી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ- ૨૦૨૫ જાહેર થયેલ છે અને તારીખ-૨૮/૦૫/૨૦૨૫ થી આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયેલ છે. જેથી ભરૂચ જિલ્લાનાં તમામ કેબલ ઓપરેટર્સ તેમજ લોકલ ન્યુઝ ચેનલોના સંચાલકો / માલિકોનું ભારતનાં ચૂંટણી પંચના તા. ૧૫/૪/૨૦૦૪ ના પત્ર નં. ૫૦૯/૭૫/૨૦૦૪/જેએસ-૧ માં આપેલ સુચના તરફ ધ્યાન દોરવામાં આવે છે કે, કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એકટ-૧૯૯૫ ની કલમ-૭ અને તેના નીચે ઘડેલ નિયમોના નિયમ-૭ ની જોગવાઈ વિરુદ્વમાં કોઈપણ વ્યકિત કોઈપણ જાહેરાત કેબલ સેવા મારફતે પ્રસારિત કરી કે કરાવી શકે નહીં.

ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારના મતદાર વિભાગ માટે કોઈ પણ વ્યકિત ઉમેદવાર અથવા રાજકીય પક્ષા જો કેબલ ટી.વી. અથવા ન્યુઝ ચેનલ મારફતે ચુંટણી પ્રચાર અંગે જાહેરાત કરવા માંગતા હોય તો,

(૧) આવી અરજી નમુનામાં નિયત બિડાણો સહીત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રી સમીક્ષા કરવાની રહેશે.

(૨) માન્ય રાજકીય પક્ષો અથવા હરીફ ઉમેદવારોનાં કિસ્સામાં આવી અરજી જાહેરાતનાં પ્રસારણનાં દિવસ પહેલા ચોખ્ખા ત્રણ દિવસ પહેલા કરવાની રહેશે.

(૩) માન્ય રાજકીય પક્ષો સિવાય અથવા હરીફ ઉમેદવારો સિવાયના કિસ્સામાં આવી અરજી જાહેરાતના પ્રસારણનાં દિવસે પહેલાના ચોખ્ખા સાત દિવસ પહેલા કરવાની રહેશે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીની લેખિત પરવાનગી મેળવ્યા પછી જ આવી જાહેરાતનું પ્રસારણ અથવા ફેરપ્રસારણ કરી શકાશે.

ઉપરોકત સુચનાઓનો તેમજ કાયદાકીય જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને જો ઉકત જોગવાઈઓનો ભંગ કરવામાં આવશે તો કેબલ ટી.વી. નેટવર્ક રેગ્યુલેશન એકટ-૧૯૯૫ ની કલમ-૧૧,૧૨ અને ૧૪ હેઠળ પ્રસારણ સાધનો જપ્ત કરવામાં આવશે અને સદરહુ કાયદાની કલમ-૧૬, ૧૭ હેઠળ (બે) વર્ષની કેદની સજા તેમજ રૂા. ૧૦૦૦/- દંડ અથવા બંન્ને સજાને પાત્ર બનશે. તેમજ અન્ય કાયદાઓ હેઠળ પણ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ગુજરાત નશાબંધી અધિનિયમ - ૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ બહાર

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૨૩/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગનાં તારીખ-૧૧/૦૩/૧૯૯૬ નાં હુકમ ક્રમાંક:૫૭૬/૧૪/૯૬/ પી.એસ.-૧ થી ચૂંટણીપંચે દારૂ અને નશાયુકત પદાર્થોનાં વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

ગુજરાતમાં હાલ સંપૂર્ણપણે દારૂબંધી પ્રવર્તે છે. સબબ, ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોની ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તેમજ ચૂંટણી પ્રકિયા દરમ્યાન લોકોની સલામતી જળવાઈ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ પ્રોહિબિશનનો પરવાનો ધારણ કરતી હોટલ તથા વિકેતાઓ પર દારૂ વેચવાનો પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨(૧)થી અમોને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં પ્રોહિબિશનનો પરવાનો ધારણ કરતી હોટલ તથા વિકેતાઓએ,

(૧) મતદાનનાં દિવસનાં આગલા દિવસ એટલે કે તારીખ-૨૧/૦૬/૨૦૨૫

(૨) મતદાનના દિવસ તારીખ- ૨૨/૦૬/૨૦૨૫

(૩) મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ તારીખ-૨૪/૦૬/૨૦૨૫

(૪) મતગણતરીના દિવસે તારીખ-૨૫/૦૬/૨૦૨૫

(૫) મતગણતરીનાં દિવસ પછીનો દિવસ તારીખ-૨૬/૦૬/૨૦૨૫ નાં દિવસોએ કોઈપણ પાસ- પરમીટ ધરાવતા કે અન્ય ઈસમોને દારૂ પીરસવો નહિ, તેમજ દારૂનું વેચાણ કરવું નહિ.

આ હુકમનાં ઉલ્લંઘન અન્વયે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

એન.આર.ધાધલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/ચાર વ્યક્તિ/જાહેરનામું/(૫)/વશી/૭૫૬/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર

છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહીં તે જરૂરી જણાતુ હોઈ તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ રાત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

મહીસાગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અધિકૃત અને સમક્ષ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહી અથવા કોઇ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને.

૨. કોઈ લગ્નના વરઘોડાને.

૩. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવા વ્યક્તિને.

૪. કોઈ સ્મશાન યાત્રાને,

નોંધ :- ઉમેદવારી પત્ર રજુ કરતી વખતે અત્રેના જાહેરનામાં નં.એમએજી/થા.વ.ચૂં.૨૦૨૫/ઉમેદવારી પત્ર/જાહેરનામું/(૪)/વશી/૭૫૫/૨૦૨૫, તા. ૨૯/૦૫/૨૦૨૫ લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/તિક્ષ્ણ હથિયાર/જાહેરનામું/(૮)/વશી/૭૫૯/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. સદર ચૂંટણી દરમ્યાન મહીસાગર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી,

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જહેરનામાં /વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ રાત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી સમગ્ર મહીસાગર જીલ્લામાં કોઈપણ વ્યક્તિએ પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવુ કે ફરવું નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

૨. શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યક્તિને.

૩. રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય. તે વ્યકિતને,

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી સમગ્ર મહીસાગર જીલ્લામાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

-:જાહેરનામું:-

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/સરકારી વાહન/જાહેરનામું/(૧૦)/વશી/૭૬૧/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૭/૧૧/૨૦૨૧ ના પત્ર અન્વયે તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ, રાજકીય/બિનરાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એટકાફટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજય સરકારના સાહસો, સંયુક્ત સાહસો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, નિગમો, નગરપાલીકાઓ, ખરીદ-વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેરનાણાંનો જરા પણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી સમગ્ર મહીસાગર જીલ્લામાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/ઉમેદવારીપત્ર /જાહેરનામું/(૪)/વશી/૭૫૫/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ઉમેદવારીપત્રો રજુ કરવાની પ્રક્રિયા શરૂ થનાર છે. ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે ઉમેદવારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેને કારણે ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરકાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકયા ક્રમાંક/એમએજી/ ટાત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સાંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

1. ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તો તેના દરખાસ્ત કરનાર તથા અન્ય મળી કુલ પાંચ વ્યકતિઓ જ પ્રવેશી શકશે. જો ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર/દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ચાર વ્યક્તિઓ ચુંટણી અધિકારીના ચેમ્બર/ખંડ માંથી બહાર નિકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યક્તિઓ ચૂંટણી અધિકારી પાસે પ્રવેશી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે રામર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

2. ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિટતારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

૩. ઉપર મુજબની સુચનાઓનો અગલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉગ્રોદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરાવવાનો રહેશે તથા ઉપર્યુક્ત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. રાબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યક્તિને આ હુકમની નકલ પુરી પાડવી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

નં.એમએજી./ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/ધાર્મિક સ્થળો/જાહેરનામું(૧૧)/વશી/૭૬૨/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તે મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા જિલ્લાના મતદાર વિસ્તારોમાં સમાવિષ્ટ ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગે નિયંત્રણ રાખવાની જરૂર છે.

વાસ્તે હું, સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ ટાત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

1. મહીસાગર જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં કોઈપણ મંદીર, મસ્જીદ, ચર્ચ, ગુરુવાર અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહી.

2. ધાર્મિક સંસ્થાઓ(દૂર ઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંરથાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે.

૩. કોઈપણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઈપણ જાતના ચૂંટણી પ્રચાર માટેના બેનર લગાવવા નહી. ચોપાનીયા વહેંચવા નહી કે કોઈપણ રાજકીય નેતાઓ કે આયોજકોએ ચૂંટણી પ્રચાર માટે પ્રવચન કરવુ નહીં. સભ્યો નોંધણી કરવા નહીં. ચૂંટણી પ્રચાર માટેના સ્ટોલ રાખવા નહીં કે, ચૂંટણી સબંધી કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ કરવી નહીં.

4. આ અંગે ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/લોભ, લાલચ/જાહેરનામું(૧૨)/વશી/૭૬૩/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીઓને લક્ષમાં લઈ, જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ કોઈપણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે લોભ, લાલચ કે લાંચ તેમજ કોઈ પણ જાતના પ્રલોભનો વગર આપી શકે તેમજ ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈ પણ પ્રકારની ધાક ધમકી કે પ્રલોભનો વગર કરી શકે તે અનિવાર્ય છે,

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

પ્રતિબંધિત કૃત્યો;

1. કોઈ પણ વ્યક્તિને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ કે વસ્તુ સ્વરૂપે લાંચ લેવા કે આપવા પર.

2. ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવા અથવા ઉભા ન રહેવા માટે અથવા ચૂંટણીની તેની ઉમેદવારી પાછી ખેંચી લેવા કે ન લેવા માટે કોઈ વ્યક્તિને પ્રલોભન, ધાક-ધમકી આપવી કે અન્ય રીતે પ્રેરિત કરવા પર.

3. કોઈ વ્યક્તિને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવા પ્રલોભન કે ધાક-ધમકી આપવા પર

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય રાંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩હેઠળ રાજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સાફો ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ ગુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી./ગ્રા.પં.ચૂં.-૨૦૨૫/સરકારી રેસ્ટ હાઉસ/જાહેરનામું/(૯)/વશી/૭૬૦/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. સદર ચુંટણીના અનુસંધાને રાજ્ય ચૂંટણી પંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહીતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે હું, સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

મહીસાગર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ઠાક બંગલાઓ, વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધારી પક્ષોના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષોના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેવાનો રહેશે પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક(તેની સાથે જેડાયેલ આંગણા)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વગેરેમાં રાજકીય પક્ષના સભ્યોની પ્રાસંગિક મિટિંગને પણ ગંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહીં.

એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

જે રાજકીય પદાધિકારીશ્રીઓને ઝેડ (Z) કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરિક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શસ્તે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધિકારીશ્રીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી સમગ્ર મહીસાગર જીલ્લામાં અમલમાં રહેશે

વંચાણે લીધા:-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-૬ તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં-૨૦૨૫/પોસ્ટરો/જાહેરનામું/(૨)/વશી/૭૫૩/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની

ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના ના પત્ર ક્રમાંક:રાયપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧) -૧૧૨૦૨૧-ક તા. ૧૭/૧૧/૨૦૨૧ થી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિશાળ કટઆઉટ, પાટીયા, બેનર તથા ચુંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે. ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દવારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી, ટેલીફોન, થાંભલા જેવી સરકારી મિલકતો પર ભીંતસુત્રો, ધ્વજા, ભીંતચીત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની રામસ્યા ઉભી થવાની સંભવ છે. જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે, આથી આ કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

1. રાજય સરકારના નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો/પંચાયતની માલીકીના રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા ચૂંટણીના ઉમેદવારો ધ્વારા અથવા આવા ઉમેદવારો માટે મંડળ, સંગઠન અથવા વ્યક્તિ ધ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટઆઉટ, જાહેર પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા બેનર્સ મુકી શકાશે નહિ કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહિ કે કમાનો/દરવાજા ઉભા કરી શકાશે નહિં. આવી મિલકતો ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહી.

2. કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલકતો કે ખાનગી મિલકતો ઉપર જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોંટાડવા નહિ કે લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહી.

૩. કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ ખાનગી મકાન કે મિલ્કત ઉપર સંબધીત માલીકની પરવાનગીથી મુકેલ કટ આઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા-પતાકા, ભીંતસુત્રો, ભીંતચિત્રો, બોર્ડ તથા કોઈ પણ પ્રકારનું ચૂંટણી સાહિત્ય વિગેરેની ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાને મોડામાં મોડા ત્રણ(૩)-દિવસમાં જાણ કરવાની રહેશે.

4. ખાનગી મકાન કે મિલ્કત ઉપર કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકશે નહી. સંબંધિત માલિક પરવાનગી આપે તો પણ કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહી.

5. રાજકીય પક્ષે/ઉમેદવારે આ અંગેનો ખર્ચ સબંધિત ઉમેદવાર/ઉમેદવારોના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ નોંધવાનો રહેશે.

6. એક પક્ષે બહાર પાડેલ ભીંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહી.

7. હોર્ડિંગ્સ સાઈઝ ૧૫ ફુટ ' ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહીં. કટઆઉટની ઉચાઈ ૮ફુટથી વધવી જોઈએ નહીં. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને, પોલીસ અધિક્ષકશ્રીને તેમજ સંબધિત ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે.

8. પરવાનગી અપાયેલ દિવાલો,મકાનો કે અન્ય મિલકતોને મુળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સબંધિત રાજકીય પક્ષ ઉમેદવારની રહેશે.માલ મિલકત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ સબંધિત રાજકીય પક્ષો, ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં-૨૦૨૫/વાહન/જાહેરનામું/(૩)/વશી/૭૫૪/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની

ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના ના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧) -૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ ધ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર રસામાન્ય જનમાનરા તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે. જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની તેમજ સુલેહ શાંતિનો ભંગ થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુક્ત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલન હેતુથી આવશ્યક હુકમ કરવો ઉચિત જણાય છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

કોઈપણ રાજકીય પક્ષ, વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો મહીસાગર જિલ્લાના ચુંટણી હેઠળના વિસ્તારોમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડો સ્ક્રિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા મતદાર વિભાગના ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે. તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલા વાહનનો ખર્ચ ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈ પણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહિ. વધુમાં ત્રણથી વધુ મોટરકાર વાહન ઉપર હરવા-ફરવા ઉપર પ્રતિબંધિત ગણાશે.

આ નિયંત્રણ યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવાં કે બસ/મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી,ખાનગી કાર, ટ્રક, ટ્રેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર,પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી સમગ્ર મહીસાગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(ખ)

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં-૨૦૨૫/હથિયાર/જાહેરનામું/(૧)/વશી/૭૫૨/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના ના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧) -૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર મહીસાગર જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

1. સમગ્ર મહીસાગર જિલ્લાના વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના(સ્વરક્ષણ-પાકરક્ષણ)હથિયારોના પરવાનેદારોએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિન-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધિત પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડકવાટરએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યકિતઓના હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની અત્રેની કચેરીને જાણ કરવી.

2. આ આદેશ મહીસાગર જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈ પણ રાજયના કોઈ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ મહીસાગર જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી પરવાનાધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર તા.૨૭/૦૬/૨૦૨૫ પછી દિન-૭માં પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી. હથિયાર સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

3. જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

1. મહીસાગર જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત), સ્થાનિક સ્વરાજયના સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય લેવલની ચૂંટીગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

2. માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

3. મોટા ઔધોગીક એકમો, જાહેર સાહસો બોર્ડ/નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક/જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના હેઠળના હથિયારો.

4. વિજ કંપનીઓના ઉત્પાદન, પ્રવહન અને તપાસ એકમો ધ્વારા કામે રખાયેલ સિકયુરીટી સ્ટાફના પરવાનાવાળા હથિયારોને કંપનીના અધિકારીનું તે મતલબનું પ્રમાણપત્ર લાયસન્સદારના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

5. કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના આધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

6. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરએ ખાસ પરવાનગી આપેલ હોય.

નીચે દર્શાવ્યા મુજબના વ્યક્તિઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યક્તિગત સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગરને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યક્તિઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભુમિકાવાળી વ્યક્તિઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલ વ્યક્તિઓ,

(ડ) ગંભીર ગુન્હામાં સંડોવાયેલા વ્યક્તિઓ,

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેવા ઈસમો.

સદરહું જાહેરનામાંના અમલવારીના સમયગાળા દરમ્યાન નવા સ્વરક્ષણ કે પાકરક્ષણ માટેના હથિયાર પરવાના આપવા પર પ્રતિબંધ રહેશે.

જિલ્લાના જે પરવાનેદારો હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ મેળવવા પાત્ર હોય તેઓએ અત્રેની કચેરીએ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૪માં સમક્ષ કારણો તથા પરવાના બુકની નકલ સહ અરજી કરવાની રહેશે. હથિયાર પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે. તેના કાર્ટીઝ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૩૦ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી સમગ્ર મહીસાગર જીલ્લામાં અમલમાં રહેશે.

વંચાણે લીધા :-

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

જાહેરનામું

-:: ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) હેઠળનું ::-

નં.એમએજી/ગ્રા.પં.ચૂં-૨૦૨૫/લાઉડ સ્પીકર /જાહેરનામું/(૭)/વશી/૭૫૮/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ચૂંટણી પ્રકીયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો નિયત મંચ ઉપરાંત યાંત્રિક રીતે કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો ઉપર ગોઠવીને પણ ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઉચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ વસવાટો, મહોલ્લા, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે ધ્વની પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. વૃધ્ધો, અશક્ત અને બિમાર વ્યક્તિઓને પણ ઉચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે તથા સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અવગડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. આથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ પરત્વે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર) (૩)થી હેઠળ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

